દાદા ભગવાન પરિવારનું

મે ૨૦૧૮

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ





## સંપાદકીય

બાળમિત્રો,

મજા કરો, ભાઈ મજા કરો... વેકેશનમાં મજા કરો....
'મે' મહિનાની તો બધા કાગડોળે રાહ જોતા હો છો ખરું ને?
અ...હં.... પરીક્ષાની નહીં, પણ પરીક્ષા પછીના વેકેશનની!
તો લો, આવી ગયું વેકેશન. કરો મજા!
અને વેકેશનની સાથે સાથે અમે પણ આવી ગયા, તમારે માટે વેકેશનનો સરસ મજાનો અંક લઈને.
તો મિત્રો, હળવા ફૂલ જેવો આ અંક વાંચો અને વેકેશનની હળવાશ માણો!!

-ડિમ્પલ મહેતા



# રજા...એ...મજા




**Editor : Dimple Mehta**

**Printer & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

વર્ષ : ૧૦, અંક : ૯
સળંગ અંક : ૧૧૭



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...

## દાન શા માટે ?

પ્રશ્નકર્તા : આ દાન શા માટે કરવામાં આવે છે?

દાદાશ્રી : એવું છે ને, એ દાન પોતે આપીને લેવા માગે છે. સુખ આપીને સુખ લેવા માગે છે. મોક્ષ માટે દાન નથી આપતો. એ સુખ લોકોને આપો તો તમને સુખ મળશે. જે તમે આપો તે મળશે. એટલે એ તો નિયમ છે. એ તો આપવાથી આપણને મળે છે, પ્રાપ્તિ થાય છે. લઈ લેવાથી ફરી જતું રહે છે.

પ્રશ્નકર્તા : ઉપવાસ કરવો સારો કે કંઈક દાન કરવું સારું?

દાદાશ્રી : દાન કરવું એટલે શું કે ખેતરમાં વાવવું. ખેતરમાં વાવી આવવું એટલે એનું ફળ મળશે. અને ઉપવાસ કરવાથી મહીં જાગૃતિ વધશે. પણ શક્તિ પ્રમાણે ઉપવાસ કરવાનુ ભગવાને કહ્યું છે.

દાન એટલે જ સુખ આપવું! દાન એટલે બીજા કોઈપણ જીવને, મનુષ્ય હોય કે બીજા પ્રાણી હોય તેમને સુખ આપવું. એનું નામ દાન. અને બધાંને સુખ આપ્યું એટલે એનું 'રીએક્શન' આપણને સુખ જ આવે. સુખ આપો તો તરત જ સુખ તમારે ઘેર બેઠાં આવે!



તમે દાન આપતા હોય તો તમને અંદર સુખ થાય. પોતાના ઘરના રૂપિયા આપો છતાં સુખ થાય. કારણકે સારું કામ કર્યું. સારું કામ કરે એટલે સુખ થાય અને ખરાબ કામ કરે તે ઘડીએ દુઃખ થાય. એના ઉપરથી આપણને ઓળખાય કે કયું સારું અને કયું ખોટું?



# આશીર્વાદ

સ્વામી વિવેકાનંદ અમેરિકા જવાના હતા. જતાં પહેલાં તે પોતાની માતા શારદાદેવી પાસે આશીર્વાદ લેવા માટે ગયા. જઈને કહ્યું, "હું અમેરિકા જઈ રહ્યો છું. મને આશીર્વાદ આપો."

માતાના ચરણોમાં મસ્તક નમાવ્યું, પરંતુ માતાએ આશીર્વાદ ન આપ્યાં અને ચૂપચાપ ઊભા રહ્યા. સ્વામીજીએ ફરીથી આશીર્વાદ માગ્યા, છતાં તેઓ મૌન રહ્યા. ઘણાં સમય પછી માતાએ સ્વામીજીને રૂમમાં રાખેલી છરી લાવવાનુ કહ્યું. સ્વામીજીએ છરી લાવી આપી પણ આશીર્વાદ સાથે તેનો શો સંબંધ છે તેના વિશે તેમને ખ્યાલ આવ્યો નહીં. જો કે છરી મળતાની સાથે જ માતાએ આશીર્વાદનો વરસાદ વરસાવી દીધો.

સ્વામીજીએ ચકિત થઈને તેના વિશે પૂછ્યું તો માતાએ તેના વિશે જણાવ્યું, "બેટા, મેં જ્યારે છરી માગી તો તેં તેની ટોચ તારા હાથમાં પકડીને તેની બીજી બાજુ મારા હાથમાં આપી. તેનાથી હું સમજી ગઈ કે તું તમામ ખોટી બાબતો પોતાની પાસે રાખીને લોકોનું ભલું જ કરીશ. પોતે ભલે ઝેર ગ્રહણ કરવું પડે પણ લોકોને તો અમૃત જ વહેંચીશ. તેથી હું તને અંતરથી આશીર્વાદ આપું છું."

આ સાંભળીને સ્વામીજીએ કહ્યું, "પણ હું આવું નથી વિચારતો. મેં તો એ વિચારીને છરીની ટોચ મારી તરફ રાખી કે તમને ઈજા ન થાય."

ત્યારે માતા વધારે પ્રસન્ન થઈને બોલી, "તે તો વધારે સારી વાત છે. તારા સ્વભાવમાં જ ભલાઈ છે. તું ક્યારેય કોઈનું ખોટું કરીશ નહીં. જા, મારા આશીર્વાદ સતત તારી સાથે છે."

અને ખરેખર, સ્વામી વિવેકાનંદજીનું સમગ્ર જીવન બીજાની ભલાઈમાં જ પસાર થયું.



# ઈનામ નહીં, સજા આપો !

ગોપાલ કૃષ્ણ ગોખલે આપણા દેશના એક મોટા નેતા થઈ ગયા. એમના બાળપણની એક વાત છે.

એક દિવસ એમના શિક્ષકે એમને શાબાશી આપતા કહ્યું, 'તેં બધા સવાલના જવાબ સાચા લખ્યા છે. માટે લે, હું તને આ પુસ્તક ઈનામમાં આપું છું.'

પણ આશ્ચર્યની વાત એ થઈ કે આ સાંભળીને ગોપાલ ખુશ થવાને બદલે રડવા લાગ્યો. શિક્ષક બિચારા હેબતાઈ ગયા.


ધીરે ધીરે ગોપાલ રડતા રડતાં બોલ્યો : 'ગુરુજી, તમે મને ઈનામ નહીં, સજા આપો.'

'સજા શું કામ બેટા ?' શિક્ષકને કંઈ સમજ ન પડી.

'વાત એમ છે કે આમાંથી એક સવાલ મને આવડતો ન હતો. તેનો જવાબ મેં મારા એક મિત્રની મદદથી લખ્યો છે. એટલે મને આ ઈનામ લેવાનો અધિકાર નથી.' ગોપાલે નિખાલસતાથી કહ્યું.

શિક્ષક આ વાત સાંભળીને ખૂબ પ્રસન્ન થયા. ગોપાલની પીઠ થાબડીને એમણે કહ્યું : 'બેટા, પહેલાં આ ઈનામ હું તારી બુદ્ધિને માટે આપતો હતો, હવે બુદ્ધિ ઉપરાંત તારી સચ્ચાઈ માટે, તારી ઈમાનદારી માટે પણ આપું છું. લે, આવી રીતે હંમેશાં સાચું બોલજે. ભગવાન તારું ભલું કરે.'

આવી સચ્ચાઈ અને ઈમાનદારીને લીધે જ ગોપાલ મોટો થતાં મહાન બની શક્યો.




# આ તો નવી

જ્ઞાની પુરુષને ૧૦૦૮ ગુણો હોય. એમાં મુખ્ય ચાર ગુણ જે કોઈનેય પ્રાપ્ત ના થાય તેવા હોય.



# જ વાત !




ચંદ્રમા જેવી સૌમ્યતા હોય. સૌમ્યતા એવી હોય કે એની ઠંડકને લીધે સહુ કોઈ મહાત્માઓને જ્ઞાની પાસેથી ખસવાનું જ મન ના થાય. એમની સૌમ્યતા તો સૂર્યના તાપનેય ઓગાળી નાખે તેવી હોય. ગમે તેવો તપેલો આવે તો પણ જ્ઞાનીની આંખોમાં સૌમ્યતા જોતાં જ ઠંડોગાર થઈ જાય. પ્રતાપ અને સૌમ્યતા બેઉ ગુણ એકસાથે માત્ર જ્ઞાનીને જ હોઈ શકે. બાકી કેટલાકને એકલો પ્રતાપ હોય ને સૌમ્યતા ના હોય અને સૌમ્યતા હોય તેને પ્રતાપ ના હોય. યથાર્થ જ્ઞાનીને એક આંખમાં પ્રતાપ અને એક આંખમાં સૌમ્યતા હોય.




સાગર જેવી ગંભીરતા હોય. જે કોઈ જે કંઈ આપે તે સમાવી લે અને ઉપરથી આશીર્વાદ આપે.

# [સફળતાનું રહસ્ય]

બે હતા ખેડૂત. એકનું નામ કાનજીભાઈ અને બીજાનું નામ રઘુભાઈ. કાનજીભાઈના ઘરની સ્થિતિ બાપદાદાના વખતથી પૈસેટકે સારી હતી. બાપદાદા ખૂબ જમીનને મૂકી ગયા હતા.

રઘુભાઈનું કુટુંબ ગરીબ હતું. એક નાનકડું ખેતર જ વારસામાં મળ્યું હતું. પણ રઘુભાઈ ઉધમી હતા. સમજદાર હતા. આખું વરસ તનતોડ મહેનત કરે. માંડ માંડ ઘરનું ગાડું ગબડે. રઘુભાઈના પત્ની રમાબહેન પણ સમજુ હતા, કામગરા હતા. ઘરની સ્થિતિ સમજતા હતા. એટલે તે પ્રેમથી ઘરનો કારભાર કરતા હતા. જે મળે તેમાંથી ખાવાપીવાનું ગોઠવી દેતા. બહુ કરકસરથી ઘર ચલાવતા. એમનો ઘરસંસાર સુખી હતો.

રઘુભાઈ પણ વહેલી સવારે ઊઠી જતા. પરવારીને ખેતરે જતા. એમની પાસે બળદની જોડ ન હતી. એટલે ખેતર ખેડવાનું હોય, ત્યારે કાનજીભાઈને ત્યાંથી બળદની જોડ ભાડે લઈ આવતા.



કાનજીભાઈના ખેતરો છૂટાછવાયા હતા. કાનજીભાઈ પૈસેટકે સુખી એટલે એ ભાઈસાહેબને કમાવાની તો કંઈ પડી ન હતી. કોઈક વાર જરા આંટો મારવા ગાડામાં બેસીને ખેતરે જઈ આવે. સવારે કાનજીભાઈ ઘરે રાખેલા બધા ખેતમજૂરોને ભેગા કરે. જુદા જુદા ખેતરે જવાનું સૌને કામ સોંપે. પછી તે રુઆબભેર કહે, 'જાઓ, ખેતરમાં બરોબર કામ કરજો. આળસ કરતા નહીં. બીડી ફૂંકવા બેસતા નહીં. ગામગપાટા હાંકતા નહીં. કામચોરી કરતા નહીં.'

બધા મજૂરો પાવડા, કોદાળી, દાતરડી, હળ વગેરે ઓજારો લઈને ખેતરોમાં જાય. એટલે કાનજીભાઈ મજાનો ચા-નાસ્તો કરે. પછી ઓટલા પર ખાટલામાં પડ્યા પડ્યા હુક્કો ગગડાવતા બેસે.

વાવણીનો વખત હોય. કાપણીનો અવસર હોય. તે વેળાએ રઘુભાઈને પણ થોડા મજૂરો કામ માટે રોકવા પડે. રઘુભાઈ મજૂરોને ભેગા કરે. પછી હાથમાં દાતરડું લઈને તે કહે, 'ચાલો, ભાઈઓ ! આપણે ખેતરે જઈએ.'

રઘુભાઈ મજૂરો સાથે ખેતરમાં સાંજ સુધી બરોબર કામ કરે. એમને કામ કરતાં જોઈને બધા મજૂરો પણ બરોબર કામ કરે.

બે-એક વરસમાં તો રઘુભાઈએ બળદની મજાની જોડ વેચાતી લીધી. એકાદ ગાય પણ ઘેર બાંધી. બાજુનું ખેતર વેચવાનું થયું, ત્યાં રઘુભાઈએ એ ખેતર ખરીદી લીધું. સવાર-સાંજ પતિ-પત્ની તનતોડ મહેનત કરે. જોગવાઈ થતા રઘુભાઈએ ઘર પણ પાકું બાંધી લીધું.

આ બાજુ કાનજીભાઈની દશા દિવસે દિવસે નબળી પડવા લાગી. ખેતરમાં પાક ઓછો થવા લાગ્યો. કાનજીભાઈની તબિયત કથળવા લાગી. જરાક કામ કરે, તો હાંફ ચડી આવે.

જ્યારે રઘુભાઈ તો રામનું નામ લેતા હસતાં હસતાં ઊઠે. દૂધ ને તાજો તાજો રોટલો ખાઈ લે. બળદની જોડ અને હળ લઈને ઉમંગભેર ખેતરે જવા નીકળી પડે.

એક દિવસ કાનજીભાઈ ખાટલામાં પડ્યા પડ્યા વિચારવા લાગ્યા, 'પહેલાં તો રઘુ પાસે નાનકડું ખેતર હતું. ખૂબ ગરીબ હતો. હું તેને અવારનવાર મદદ

કરતો. પણ હું જોઉં છું કે, રઘુની સ્થિતિ થોડા વરસમાં ઘણી સુધરી ગઈ છે. તેણે બે-ત્રણ ખેતરો વેચાતા લીધા. બળદની જોડ પણ ખરીદી લીધી. ગાય પણ લીધી. ઘર પણ પાકું બાંધ્યું. આ બધું થયું શી રીતે ? રઘુ અને રમા કેવા આનંદમાં આખો દિવસ પસાર કરે છે!

અને મારે ત્યાં જુઓ ! કેટલાં બધાં ખેતરો છે, પુષ્કળ પૈસો છે. અનાજ પણ જોઈએ તેટલું ભર્યું છે. કામ કરનારા નોકર-ચાકરો પણ છે. પણ કશી ભલીવાર નથી! મારી તબિયત પણ કેવી થઈ ગઈ ! મારી ઘરવાળી પણ સાજીમાંદી રહ્યા કરે છે. આમ કેમ બન્યું હશે ?'

એક દિવસ કાનજીભાઈથી રહેવાયું નહીં. હાથમાં લાકડી લઈને તે ધીમે ધીમે રઘુભાઈને ઘરે ગયા. કાનજીભાઈને અચાનક પોતાને ઘરે આવેલા જોઈને રઘુભાઈ ખૂબ નવાઈ પામ્યા ! તે દોડતાં દોડતાં સામે ગયા. હાથ જોડીને રઘુભાઈ બોલ્યા, 'રામ રામ ! કાનજીભાઈ, રામ રામ! આવો! આવો!'

રઘુભાઈએ કાનજીભાઈનો હાથ પકડીને પ્રેમથી ખાટલા પર બેસાડ્યા. રમાબહેન પણ બહાર દોડી આવ્યા. ઠંડું મજાનું પાણી લઈ આવ્યાં.

રઘુભાઈએ રમાબહેનને કહ્યું, 'સાંભળો, કાનજીભાઈ માટે દૂધનો ઉકાળો બનાવી લઈ આવો.'

થોડી આડીઅવળી વાતો કરીને કાનજીભાઈએ પોતાના મનની મૂંઝવણ જણાવી.

રઘુભાઈ ગંભીર બની જઈ બોલ્યા, કાનજીભાઈ, આ બધો બે શબ્દોનો પ્રતાપ છે. "જાઓ અને ચાલો." તમે તમારા મજૂરોને ખેતરે "જાઓ" એમ કહો છો. જ્યારે હું મારા મજૂરોને ખેતરે "ચાલો" એમ કહું છું. તમે બધું કામ મજૂરો પર છોડી દો છો. જ્યારે હું મજૂરો સાથે કામ કરતો રહું છું. મને કામ કરતો જોઈને મજૂરો પણ મન દઈને કામ કરવા લાગે છે. તેથી મારું સઘળું કામ સારી રીતે અને મુકરર કરેલા સમયે પૂરું થઈ જાય છે. મારી દેખરેખને લીધે પાકની પણ સારી જાળવણી થાય છે. કાનજીભાઈ, આ છે મારી સફળતાનું રહસ્ય.'

કાનજીભાઈ રઘુભાઈનો આભાર માનતા ગળગળા સાદે બોલ્યા, 'રઘુભાઈ, તમારો ખૂબ ખૂબ આભાર. મને હવે સાચું જ્ઞાન થયું છે. હું આજ સુધી મજૂરો પર ખેતીનું બધું કામ છોડી દેતો હતો. હું ભાઈસાહેબ આળસુની માફક ઘરે ખાટલામાં પડી રહેતો હતો! આથી મને બેવડુ નુકસાન થયું છે. મારી ખેતીની આવક એકદમ ઘટી ગઈ. અને મારી તબિયત પણ બગડી ! રઘુભાઈ, હવે આજથી જ હું પણ ખેતરે જવા માંડીશ.'

એમ કહીને કાનજીભાઈ ઉત્સાહભેર પોતાને ઘરે ગયા અને તેમણે નવા જીવનની શરૂઆત કરી.


## કુદરતનો નિયમ છે... "વાપરો અથવા ગુમાવો"

આપણે આપણી શક્તિને વાપરીએ તો તે જરૂર વધે છે. પરંતુ તેને ન વાપરીએ તો આપણી એ શક્તિ આપણે ગુમાવી બેસીએ છીએ.




# ચાલો રમીએ...

૧) નીચે આપેલ કોયડો ઉકેલો.




૨) નક્શાને પાણીના ઝરણાં સુધી શું આપ મદદ કરશો ?



# JJ 111 Updates Corner

કેમ છો મિત્રો !

JJ 111 ના અપડેટ કોર્નરમાં આપનું સ્વાગત છે. આ વખતે અમે તમારા માટે દરિયા પારથી સમાચાર લાવ્યા છીએ. શું તમે જાણો છો કે આપણા સૌના વ્હાલા પૂજ્યશ્રીએ લંડન, યુ.કે.ની પોન્ટીન્સ શિબિર દરમ્યાન ઈસ્ટરના દિવસે, આ વર્ષની જન્મજયંતિના લોગોનું ઉદ્‌ઘાટન કર્યું ?

ઈન્ટરનેશનલ JJ 111 ની ભવ્ય ઉજવણીની શુભ શરૂઆત યુ.કે.ની શિબિરમાં કરવામાં આવી. તમે બધાએ JJ 111 નો લોગો જોયો ? એ ખરેખર એકદમ અલગ જ છે, નવી જ જાતનો !

JJ 111 ખરેખર 'એક જોવા જેવી દુનિયા' હશે. એક એવી દુનિયા જેમાં ૩ થી ૧૯ વર્ષ સુધીના બધા બાળકો માટે GNC થીમ પાર્ક હશે.

જેમાં અક્રમ વિજ્ઞાનને અનેક અવનવી રસપ્રદ પ્રવૃત્તિઓ જેમ કે પપેટ શો, મલ્ટી મિડિયા શો, થીમ પર આધારિત પ્રદર્શનો, આઉટડોર ફન ઝોન, સ્ટોરી ટેલીંગ એક્ટીવીટી એરિયા, સેલ્ફી ઝોન, ગેમ્સ અને લકી ડ્રો જેવા અનેક આકર્ષણો દ્વારા દર્શાવવામાં આવશે. આ ઉપરાંત, બાળકો માટે બુક ઝોન એરિયા પણ હશે જ્યાં તેમને 'ટેલ્સ ઓફ ઓરીગ્ઝ'ના આગળના ચાર ભાગ પણ જોવા મળશે, જેની આપણે બધા આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ.

યુ.કે.માં JJ 111 ની ઉજવણીનો શુભારંભ એક જોરદાર ઉજવણી અને મઝા પડે એવી એક્ટીવીટી દ્વારા કરવામાં આવ્યો. આ પ્રસંગે ત્યાં એક નાટક પણ ભજવવામાં આવ્યું હતું, જેનું નામ હતું, "જોવા જેવી દુનિયા"!

તો ચાલો, ફોટા દ્વારા તેમના ઉત્સાહ અને આનંદની ઝલક જોઈએ.

તો આ હતી અત્યાર સુધીની વિગતો. JJ 111 ની ઉજવણીની અપડેટ્સ મેળવવા આવતો અંક જોવાનું ભૂલતા નહીં.

અમને પૂરી ખાતરી છે કે આ નવેમ્બરમાં તમે સીમંધર સીટીમાં અચૂક પધારશો અને તમે તમારી જાતે જ **"જોવા જેવી દુનિયા"** માં આવીને આનંદ મહોત્સવની ઉજવણીમાં ભાગ લેશો.











**તો અત્યાર માટે ગુડબાય...**

# માઈકલ જોર્ડન



માઈકલ જોર્ડન ૧૯૬૩માં ન્યુયોર્કના બ્રુકલિન શહેરની ઝૂંપડપટ્ટીમાં જન્મેલ એક આફ્રિકન - અમેરિકન વ્યક્તિ હતા. તેઓ ખૂબ ગરીબ હતા. તેઓ જ્યાં રહેતા હતા ત્યાં રંગભેદ બહુ હતો તેથી તેમને પોતાના ભવિષ્ય માટે આશાનું કોઈ કિરણ દેખાતું ન હતું.
૧૩ વર્ષની ઉંમરે તેમના પિતાએ તેમને એક વાપરેલું વસ્ત્ર આપ્યું.
તને શું લાગે છે, આ કપડાંની કિંમત કેટલી હશે ?
કદાચ એક ડૉલર.
શું તું આને ૨ ડોલરમાં વેચી શકે છે ?
હું પ્રયત્ન કરીશ પણ હું સફળ થઈશ એની કોઈ ગેરંટી નથી.
જોર્ડને સાવચેતીથી વસ્ત્રને ધોઈને સ્વચ્છ કર્યું. તેમની પાસે એ વસ્ત્રને સુંવાળું કરવા માટે ઈસ્ત્રી નહોતી એટલે તેમણે એક સપાટ બોર્ડ પર કપડાના બ્રશની મદદથી તેને બરાબર કરચલી વગરનું કર્યું અને પછી તેને સૂરજના તડકામાં સૂકવવા માટે મૂક્યું.


બીજા દિવસે એક ભીડભાડવાળા સ્ટેશન પર તેઓ એ વસ્ત્રને લઈને ગયા. છ કલાકની મહેનત પછી આખરે જોર્ડન તેને ૨ ડૉલરમાં વેચવામાં સફળ થયા. એ દિવસથી રોજ તેઓ વાપરેલા વસ્ત્રોને શોધતા, ધોતા, ઈસ્ત્રી કરતા અને પછી ભીડમાં જઈને તેને વેચતા.
દસેક દિવસ પછી,
હવે તું આ વસ્ત્રને ૨૦ ડૉલરમાં વેંચી શકે ?
આ વસ્ત્રના વધારેમાં વધારે ૨ ડૉલર જ મળે.
તું પ્રયત્ન કરીને તો જો, કોઈક રસ્તો જરૂર મળશે.
આખરે જોર્ડનને એક ઉપાય સૂઝયો. તેણે તેના પિતરાઈ ભાઈની મદદથી એ વસ્ત્ર પર ડોનાલ્ડ ડક અને મિકી માઉસનું ચિત્ર પેઈન્ટ કરાવ્યું.
પછી તેમણે એક સ્કૂલની નજીક તેને વેચવાનો પ્રયત્ન કર્યો જ્યાં પૈસાદાર લોકોના બાળકો ભણતા હતા. અને સાચે જ એક છોકરાએ એને ખરીધ્યું.
ઘરે પહોંચ્યા ત્યારે તેના પિતાએ તેને બીજું એક વાપરેલું વસ્ત્ર આપ્યું.
શું તું આને ૨૦૦ ડૉલરમાં વેંચવાની ક્ષમતા ધરાવે છે ?
હા.



બે મહિના પછી પિક્ચરની એક પ્રખ્યાત હિરોઈન ફરાહ ફોસેટ, તેના પિક્ચરના પ્રમોશન માટે ન્યુ યોર્ક આવી હતી. પ્રેસ કોન્ફરન્સ પૂરી થયા પછી, જોર્ડન સિક્યુરીટી ફોર્સવાળાને પસાર કરીને ફરાહ ફોસેટ પાસે પહોંચી ગયા.
ઓટોગ્રાફ પ્લીઝ
શ્યોર.
ફોસેટે એ વસ્ત્ર પર પોતાની સહી કરી આપી.
આ જર્સી પર મિસ ફરાહ ફોસેટે સાઈન કરી છે, આની કિંમત છે ૨૦૦ ડૉલર. હું આ જર્સીની લિલામ કરવા ઊભો છું.
૪૦૦ ડોલર
૫૦૦ ડોલર
૭૦૦ ડોલર
૧૦૦૦ ડોલર
૧૨૦૦ ડોલર
જોર્ડને એ જર્સી એક બિઝનેસમેનને ૧૨૦૦ ડોલરમાં વેચી.


બેટા, મને ખૂબ ખુશી છે કે તેં આ કરી બતાવ્યું. હવે કહે, આ ત્રણ વસ્ત્રો વેચવાના તારા અનુભવમાંથી તું સફળતા વિષે શું શીખ્યો ?"
જો તમારો નિશ્ચય અડગ હોય તો સફળતા તમારા હાથમાં જ છે.
બીજું એ કે એક ડૉલરની કિંમતના જૂના વસ્ત્રની પણ કિંમત વધારી શકાય છે. તો પછી આપણે તો જીવંત અને વિચારશીલ માણસો છીએ. આપણે ભલે કાળા અને ગરીબ છીએ પણ તેથી શું ?
આ વિચારે યુવાન માઈકલ જોર્ડનને એક નવો પાઠ શીખવાડ્યો. જો એક વપરાયેલા વસ્ત્રની પણ ગરિમા વધારી શકાય તો મારી કેમ નહીં ? હું મારી જાતને નીચી કેમ માનું ? ત્યારથી જોર્ડનનું ભવિષ્ય બદલાયું.
આપણામાં એટલી બધી ઉત્તમ ક્ષમતાઓ રહેલી છે જેને આપણા હોદ્દા, દેખાવ કે સંપત્તિના આધારે હલકી ના માનવી જોઈએ. પોતાની જાતને સુધારવાના પ્રયત્નો કરતા રહો અને આગળ વધો.

# મીઠી યાદેં



## ૧.

એક મહાત્મા બેન લગભગ આઠેક મહિનાથી ઊણોદરીની સેવામાં જોડાયા હતા. એ દરમિયાન કોઈકની વાતથી એમને જબરદસ્ત ખોટું લાગ્યું અને ભોગવટો આવ્યો. અહંકારને એટલી બધી ઠેસ વાગી હતી કે પાંચ દિવસ સુધી એ વાત એમના મગજમાંથી ખસતી જ નહોતી. એટલું જ નહીં, પણ એ વાતનો ગુસ્સો એમણે એમની જાત પર ઉતારવા માંડ્યો. ખાવા - પીવાનું બંધ કરી દીધું, ભર તડકામાં ચંપલ પહેરવાનું બંધ કરી દીધું.

આ વાતની નીરુમાને જાણ થઈ. શું વાત બની ગઈ એ ખબર નહોતી, પણ આ બેન આવું કંઈક કરી રહ્યા છે એવું એમની જાણમાં આવ્યું.

૩૧ ડિસેમ્બરની રાત હતી. બધા મંદિરમાં ભક્તિ માટે ભેગા થઈ રહ્યા હતા. એ બેન પણ મંદિરે પહોંચ્યા. તેઓ ભગવાનના દર્શન કરતાં કરતાં રડી જ રહ્યા હતા. ત્યાં તો નીરુમા આવ્યા.

એ બેનને ખ્યાલ નહીં કે નીરુમા આવી ગયા છે. અને નીરુમાએ દૂરથી જોયું તો એમને ખ્યાલ આવી ગયો કે એ બેન રડી રહ્યા છે. જેવા એ બેન દર્શન કરીને ફર્યા કે સામે નીરુમાને ઊભેલા જોયા.

ત્યારે નીરુમા બેનને એવું સરસ ભેટ્યા અને કહ્યું, "છાની રહી જા." અને એમની પીઠ પંપાળતા રહ્યા.

બન્ને વચ્ચે કોઈ વાતચીત નહીં. ફક્ત નીરુમા એમને પંપાળતા રહ્યા. અને એ બેનનો ભોગવટો જાણે ગાયબ થઈ ગયો. અંદરનું તોફાન બધું જ શમી ગયું, કશું જ કહ્યા વગર.

આજે પણ દર ૩૧ ડીસેમ્બરે એ બેનને નીરુમા સાથેનો એ પ્રસંગ અચૂક યાદ આવે છે.

## આવો હતો નીરુમાના માતૃત્વનો જાદુ !!

## ૨.

પૂજ્યશ્રી દરરોજ સવારે યોગા કરે. બ્રહ્મચારી ભાઈઓ પણ એમાં જોડાય. એક બ્રહ્મચારી ભાઈ થોડા દિવસ ગયા અને પછી એક દિવસ દસ મિનિટ મોડા પહોંચ્યા.

એમની પોતાની અપમાનના ભયવાળી પ્રકૃતિના કારણે પૂજ્યશ્રીના કંઈ પણ પૂછ્યા પહેલાં જ તેઓ પોતાનું ઉપરાણું લેતા બોલ્યા, "રાત્રે સૂવામાં જરાક મોડું થયુંને એટલે સવારે ઊઠવામાં થોડું મોડું થઈ ગયું."

પૂજ્યશ્રીએ પૂછ્યું, "એટલે વાંચન, સામાયિક, સત્સંગ આવું કંઈક કરતા હતા એમાં મોડું થઈ ગયું?"

ભાઈએ જવાબ આપ્યો, "ના પૂજ્યશ્રી, બે-ત્રણ જણા બેઠા હતાં. જરા વાતોચીતો થતી હતી."

પૂજ્યશ્રીએ ફરી પૂછ્યું, "એટલે જ્ઞાન રીલેટેડની ચર્ચા થતી હતી."

ભાઈએ કહ્યું, "ના. થોડા ગપાટા મારતા હતા."

ત્યારે પૂજ્યશ્રી ટકોર કરતાં અત્યંત કરુણાથી બોલ્યા, "બહારનો કુસંગ તો કો'કેય બતાવશે, પણ આ કુસંગ તો કોણ બતાવશે!"

આટલું બોલી તેઓ તરત મૌન થઈ ગયા.

પણ એમના છેલ્લા વાક્યથી ભાઈનું મંથન ચાલુ થયું અને એમને સમજાયું કે, જ્ઞાનીને હવે આપણને આગળના પગથિયાં ચડાવવા છે. અહીંયા આવી ગયા એ કંઈ પૂર્ણાહુતિ નથી. સેવા કરીએ છીએ એ એક સાધન છે. મૂળ સાધ્ય નથી.

આપણે રોજ આવો કેટલો ટાઈમ વેસ્ટ કરતાં હોઈશું!



# અહો ! અહો ! કરુણા મૂર્તિ જ્ઞાની !

# સંત ગુરુ નાનક

ફરતાં ફરતાં એક વાર ગુરુ નાનક બગદાદ પહોંચ્યા. તેમને જાણ થઈ કે ત્યાંનો બાદશાહ ખૂબ જ લોભી અને જુલમી છે. લોકોને રિબાવી એણે ઘણું ધન ભેગું કર્યું હતું.

નાનકે મહેલની સામે જ પોતાનો અડ્ડો જમાવ્યો અને આખા શહેરમાંથી કાંકરા વીણી વીણીને ત્યાં ઢગલો કરવા લાગ્યા.

લોકોએ જ્યારે પૂછ્યું, "બાબા, આ શું કરો છો ?" ત્યારે નાનકે કહ્યું, "એ તો મારી ને બાદશાહની ખાનગી વાત છે." વખત જતાં બાદશાહના કાને આ વાત આવી.

બાદશાહને થયું, "ચોક્કસ આ ફકીર મારા માટે કોઈ છૂપી વાત લઈને આવ્યો છે." એટલે એક દિવસ એ નાનકને મળવા ગયો અને પૂછ્યું, "બાબા, આ કાંકરા અહીં કેમ ભેગા કર્યા છે ?"

નાનકે કહ્યું, "એ મારી દોલત છે, બાદશાહ."

"દોલત ? શું કરશો આ દોલતનું ?" બાદશાહે હસીને પૂછ્યું. બાદશાહને ફકીર ગાંડો લાગ્યો.

નાનકે કહ્યું, "મારે આ દોલત આપને ત્યાં અનામત મૂકવી છે. રાખશો ને ?"

બાદશાહે હસીને કહ્યું, "હા, રાખીશ. પણ પછી આપ એ ક્યારે પાછી લઈ જશો ?"


નાનકે કહ્યું, "મૃત્યુ પછી ખુદાના દરબારમાં આપણે ભેગા થઈશું ત્યારે આપની પાસેથી હું એ માગી લઈશ"

બાદશાહ ઘડીભર નાનકની સામે તાકીને જોઈ રહ્યો. પછી તે બોલ્યો, "મૃત્યુ પછી ? ત્યાં તો આ દોલત હું કેવી રીતે લાવી શકીશ ? શું આપ એટલું ય નથી જાણતા કે માણસ ખાલી હાથે જન્મે છે ને ખાલી હાથે આ દુનિયા છોડીને જાય છે ?"

નાનકે કહ્યું, "આપ એ જાણો છો ? મેં તો ધાર્યું હતું કે આપ લોકોને પીડા આપીને જે ધન ભેગું કરો છો, તે ધન મૃત્યુ પછી સાથે લઈ જવાના હશો. એટલે મેં વિનંતી કરી કે આપના ધન ભેગું મારું પણ આટલું અમથું ધન લઈ જજો. શું આપ, મૃત્યુ બાદ આપની સાથે ધન નથી લઈ જવાના ?"

બાદશાહે ધીમા સ્વરે કહયું, "ના"

નાનકે કહ્યું, "તો પછી તમારા ધનમાં ને મારા ધનમાં ફેર શો ? એય કાંકરા જ છે ને."



હવે બાદશાહને નાનકના કહેવાનો આશય સમજાયો. નાનકના પગે પડી એણે દિલથી માફી માગી. ભેગું કરેલું બધું જ ધન એણે ગરીબોમાં દાન કરી દીધું અને હળવો ફૂલ બની ગયો.

આમ ગુરુ નાનકે અનેકોના જીવનમાં પરિવર્તન લાવી, તેમને સાચે માર્ગે વાળ્યા.

Summer Camp 2018

# સીમંધર સીટી, સુરત, મુંબઈ અને ધોરાજીમાં યોજાયેલા સમરકેમ્પની ઝલક...



ડાન્સ



એક્ટિવીટી





Enjoying ડ્રામા



પઝલ ગેમ



પૂજન

પઝલના જવાબો : 1) 385

Akram Express
May 2018
Year : 10, Issue : 9
Conti. Issue No.: 117

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month

## ડ્રોઈંગ



## ક્રાફ્ટ



## JJ 111 Invitation



## ગીફ્ટ



### અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - B-99 GIDC, Sector - 25 ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.